# વાવોલમાં જુથ અથડામણ : ૧૦ને ઈજા

## ડે. સરપંચની ચૂંટણીના મામલે અથડામણ : ૧૦ પૈકી એકની હાલત ગંભીર : પોલીસે બન્ને પક્ષે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી : વાવોલ પોલીસ છાવણીમાં ફેરવાયુ



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીકના વાવોલ ગામે ડે. સરપંચની ચૂંટણીમાં ડખો થતા દરબાર જૂથ અને પટેલ જૂથ વચ્ચે અથડામણ થતા ગંભીર મારામારીના દશ્યો સર્જાયા હતા. જેમાં બન્ને જૂથના ૧૦ જેટલા શખ્સોનો નાના મોટી ઈજાઓ થઈ હતી. જ્યારે ચાર શખ્સોને ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ધિંગાણાની જાણ પોલીસને થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર સ્થિતિને કાબુમાં લીધી હતી. કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે એસઆરપીની એક ટુકડીને પણ ખડકી દેવામાં આવી છે. આ મારામારીની ઘટના મામલે બન્ને પક્ષે સામ-સામે સેક્ટર-૭ પોલીસમાં ક્રોસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે બન્નેની ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અંગે તાજેતરમાં વાવોલ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી જે બાદ સરપંચની વરણી પછી ગત રોજ ડે. સરકપંચની ચૂંટણી માટે ચૂંટાયેલા સભ્યો પૈકી દરબાર જૂથ અને પટેલ જૂથના બે સભ્યોએ ફોર્મ ભર્યા હતા. આજે સવારના સમયે અંદાજે ૧૦ વાગે ગામની સૂર્યા સિનેમાથી થોડા દૂરના ભાગે રીક્ષામાં જઈ રહેલા દરબાર જૂથના સભ્યોને પટેલ જૂથના સભ્યો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થતા બન્ને જૂથો રોડ પર પાઈપો અને ધોકા લઈ ઉતરી ગયા હતા. ને મારામારી કરી વાતાવરણ ગંભીર બનાવી દીધુ હતુ. આથી માર્ગમાં અવરજવર કરતા ગ્રામજનોમાં પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં ચાર શખ્સોને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે અન્ય છ જેટલા શખ્સોને નાની મોટી ઈજાઓ થઈ હતી. આ ધિંગાણાની જાણ સેક્ટર-૭ પોલીસને થતા પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવી હતી અને લાઠીચાર્જ કરી સ્થિતિને કાબુમાં લીધી હતી. ધિંગાણા બાદ કોઈ ઘટના ના બને તે માટે વાવોલમાં એસઆરપી પોલીસની એક ટુકડી સહિત પોલીસને ખડકી દેવામાં આવી હતી અને વાવોલ પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે.

આ ઘટનામાં પટેલ જુથ અને દરબાર જુથે સામ સામે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી મારામારી અને રાયોટીંગનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.આઈ. સોઢા ચલાવી રહ્યા છે.

## ધોળાકુવા પાસે અકસ્માતમાં ઘાયલ કિશોરનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૧૫

ધોળાકુવા ગામના ૭ વર્ષના કિશોરને પાંચ દિવસ અગાઉ સવારે અલ્ટો કારે અડફેટે લેતા તેને સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે કિશોરનું આજે સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર પાસે ધોળાકુવા ગામ આવેલું છે. જયાં લાલજીભાઈ મારવાડી પોતાના પરિવાર સાથે રહે છે. ગત ૧૦મી જાન્યુઆરીના રોજ સવારે લાલજીભાઈનો દીકરો અશોક સ્કુલનો યુનિફોર્મ પહેરી ધોળાકુવા પાસેના હનુમાનજી મંદિર તરફથી માર્ગ ઓળંગી રહ્યો હતો. દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતી અલ્ટો કારના ચાલકે કિશોરને જોરદાર ટકકર મારી નાશી છૂટયો હતો. આ ઘટના જોઈ નજીકમાં હાજર એક યુવાને બાઈક લઈ કારનો પીછો કર્યો હતો અને કારને અટકાવી હતી.

કારમાં સવાર ચાર ઈસમોએ બાઈક ચાલકની સાથે મારઝુડ કરી નાસી છુટયા હતા. બીજી તરફ ઘાયલ કિશોરને ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવ્યો હતો જયાં તેની સારવાર ચાલુ હતી. આજે સારવાર દરમિયાન કિશોર અશોક મારવાડી (ઉ.વ. ૭)નું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર કારચાલકની તપાસ હાથ ધરી છે.

## ઉતરાયણમાં ગાંધીનગર જિલ્લામાં દોરીથી ૩૦ નાગરીકો ઘવાયા

ગાંધીનગર, તા.૧૫

ઉતરાયણ પર્વની મજા કેટલાક માટે સજા બની જવા પામી છે. ગાંધીનગર જિલ્લામાં બે દિવસીય ઉતરાયણના તહેવારમાં ૧૦૮ ને ૧૩૭ જેટલા કોલ મળવા પામ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં દોરીથી ચહેરા પર તેમજ ગળાના ભાગે ઈજા પામ્યા હોય તેવા ૩૦ કેસ નોંધાયા છે. જેમાં ૧૦ જેટલા બનાવો ગાંધીનગર શહેરમાં બનવા પામ્યા છે.જયારે પતંગની મજા મસ્ત હોય ત્યારે ધાબા, અગાસી કે છાપરા પરથી નીચે પટકાયા હોય તેવા ૪ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. જયારે ઉતરાયણમાં માર્ગ અકસ્માતનો સીલસીલો પણ યથાવત રહેવા પામ્યો છે બે દિવસમાં ટુ અને ફોર વ્હીલરના ૪૦ થી વધુ અકસ્માતના બનાવો બન્યા છે.

ગાંધીનગર શહેરમાં ઉતરાયણના બે દિવસ આકાશમાં રંગબેરંગી પતંગો વચ્ચે આકાશી યુધ્ધ ખેલાયા હતા. પતંગબાજો વહેલી સવારથી જ ધાબા પર ચડી ગયા હતા અને પતંગ ચગાવાની મજા માણતા નજરે પડ્યા હતા. શહેર અને જિલ્લામાં લાખો રૂપીયાના પતંગ અને દોરીનો વેપાર થાય છે ત્યારે આ પર્વ કેટલાક નાગરીકો અને પક્ષીઓ માટે ઘાતક પુરવાર થાય છે. જેમાં પતંગની દોરી વાગતા નાગરીકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે ઉતરાયણના બે દિવસ ૧૦૮ સતત દોડતી નજરે પડી હતી. ગાંધીનગર જિલ્લામાં ૧૦૮ને બે દિવસની ઉતરાયણમાં ૧૩૭ થી વધુ કોલ મળ્યા છે. જેમાં બાઈક લઈને જતા ૩૦ થી વધુ નાગરીકો દોરીથી ઘવાયા છે જેમાં શહેરના ૧૦ વ્યકિતનો સમાવેશ થાય છે. જયારે ધાબા પરથી પટકાવાના જિલ્લામાં ૪ બનાવ બન્યા છે. સેકટર-૨૪માં છાપરા પરથી નીચે પટકાયાના કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

### શહેરમાં પતંગની દોરીથી ૧૦૦થી વધુ પક્ષી ઘાયલ થયા

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વના બે દિવસના ઉત્સવમાં ૧૦૦ થી વધુ વિવિધ પક્ષીઓ પતંગ રસિયાઓની કાતિલ દોરીનો શિકાર બન્યા છે.



ઉંચે આભમાં મસ્ત બનીને વિહરતા પક્ષીઓ માટે ઉતરાયણ ઝોખમરૂપ સાબિત થાય છે. પતંગ રસિકોને સવાર સાંજ પતંગ નહીં ચગાવવા માટે સુચનો વિવિધ પક્ષીપ્રેમી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. છતા પણ પતંગ રસિયાઓ પક્ષીઓના વિહાર સમયે પતંગ ચગાવીને તેઓને નુકશાન પહોંચાડે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વમાં સરકારી પશુ દવાખાનું, પ્રકૃતિ યુવા સંગઠન, અને વનશ્રી ટ્રસ્ટના સભ્યો દ્વારા પક્ષીઓનું બચાવ કાર્ય માટે ટીમ અને કંટ્રોલરૂમ ઉભા કરાયા હતા. જેમાં વનશ્રી ટ્રસ્ટને ૪૫ કોલ અને સરકારી દવાખાનુ તેમજ પ્રકૃતિ યુવા સંગઠનને ૩૦ થી વધુ કોલ આવ્યા હતા. શહેરમાં ગમે તે સ્થળે થી કોલ મળતા જ તુરંત પક્ષી પ્રેમીઓએ દોડીને સારવાર કરી છે. શહેમાં દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓમાં કબુતર, કાગડા, ખેરખટ્ટો બગલો, સમડી, કાકણસાર, કુંકડીયો સહિત રાષ્ટ્રીય પક્ષી મોરનો પણ સમાવેશ થાય છે. તમામ પક્ષીઓને સામાન્ય ઈજા હોવાથી તુરંત સેવા મળતા ફરીવાર ગગનમાં વિહરતા થઈ ગયા હતા.આ સેવામાં સરકારી દવાખાના ડો. પ્રશાંત પંચલોટીયા, પ્રકૃતિ યુવા સંગઠનના અમિત, જીગ્નેશ, અનિરુદ્ધસિંહ, અખિલેશ, પંકજ, રિતુલ, તેજસ ઉપરાંત વનશ્રી ટ્રસ્ટના ચૈતન્ય નિમાવત, અંજના નિમાવત સહિત ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

## ચિલોડા-ગાંધીનગર માર્ગ પર અકસ્માતમાં એકનુ મોત



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર બાઈકચાલકને બચાવવા જતા કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને કારચાલક બહાર ફંગોળાઈ જતા તેને માથામાં ઈજા થતા સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યુ હતુ.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સંબંધીને ટીફીન આપવા સ્વીફ્ટ કાર નં. જીજે.૧૮.બી.એફ. ૧૨૧૧ના ચાલક કરણસિંહ માધુસિંહ ચૌહાણ રહે. પાલુન્દ્રા અને જગતસિંહ મણીસિંહ બન્ને ચિલોડાથી ગાંધીનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈકચાલકને બચાવવા જતા કારચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધુ હતુ. કાર રોડ સાઈડ ઉતરી જતા કારસવાર જગતસિંહ ફંગોળાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા. ત્યાર બાદ તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત અંગે મૃતકના ભાઈ દિલીપસિંહ મણીસિંહ સોલંકીએ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. વી.એ. પઠાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા 'હેરિટેજ વૉક'

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વયંસેવકો માટે પુરાતત્વીય સ્મારકોની સુરક્ષા અને સંવર્ધન બાબતે જાગૃતિ લાવવા અમદાવાદના સૈકાઓ જૂના મોગલકાલીન પુરાતત્વીય સ્મારકોની મુલાકાત માટે 'હેરિટેજ વૉક'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓએ અડાલજની પ્રાચીન વાવ, સિદ્દી બસિરની મસ્જિદમાં સ્થિત ઝૂલતા મિનારા, મોગલ સમ્રાટ એહમદશાહે શાહી પરિવારની ઈબાદત માટે બનાવેલ જામા મસ્જિદ, સિદ્દી સૈયદની જાળી અને ભદ્ર મહાકાળી માતાના પવિત્ર અને સુપ્રસિધ્ધ મંદિરની મુલાકાત લઈ તેમનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કર્યો હતો. 'પ્રાચીન પુરાતત્વીય સ્મારકો આપણો રાષ્ટ્રીય વારસો અને આપણી રાષ્ટ્રીય અસ્મિતા તેમજ ધરોહર છે. તેનું સંવર્ધન, સુરક્ષા અને જતન કરવું એ આપણી પવિત્ર ફરજ છે' તેવું એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ભરત રાવે જણાવ્યું હતું અને કોલેજના આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ એન.એસ.એસ. યુનિટને સાંસ્કૃતિક સભાનતા કેળવવા બદલ અભિનંદન આપ્યા હતા.

## ગુજરાતમાં જેમની સાથે કરાર કર્યા છે તે ઉદ્યોગોને સાચવજો નહીં તો રાજ્ય બહાર




વાયબ્રન્ટ સમિટમાં સરકારે અગાઉ કરેલી ભૂલોને સુધારવી પડશે, કારણ કે ગુજરાતની જેમ દેશના બીજા રાજ્યો પણ ઈન્ડસ્ટ્રીયલ સમિટ કરી રહ્યાં છે. આજે ગુજરાતમાં એમઓયુ કર્યો હોય તેવા ઉદ્યોગજૂથો અન્ય રાજ્યોમાં પણ એમઓયુ કરી શકે છે. ઉદ્યોગો માટે સમિટ કરનારા રાજ્યોમાં મધ્યપ્રદેશ, પશ્ચિમબંગાળ, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરાલા, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. ઉદ્યોગજૂથો પાસે વિકલ્પો વધી રહ્યાં છે તેથી સ્પર્ધાત્મક સ્થિતિ આવીને ઉભી છે. આઠમી સમિટમાં જે ઉદ્યોગજૂથોએ ગુજરાત સરકાર સાથે એમઓયુ સાઈન કર્યા છે તેમના માટે ઝડપથી મંજૂરીઓ આપવાનું મુંખ્ય કામ ગુજરાત સરકારે કરવું પડશે. આ સમિટમાં ૨૫૫૭૮ એમઓયુ થયા છે ત્યારે તેની સીધી દેખરેખ ચીફ મિનિસ્ટર અને ચીફ સેક્રેટરી નહીં રાખે તો પ્રોજેક્ટ પડતા મૂકવાના કિસ્સા વધી શકે છે. એટલે ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન થાય તે જોવું પડશે.

**● ખેડૂતોને સલામ..! ઘઉંમાં વિક્રમ સર્જ્યો...**

નોટબંધી હોવા છતાં દેશના કિસાનોએ ઘઉંનું વિક્રમી ઉત્પાદન થવાની સંભાવના છે. કેન્દ્ર સરકારના આંકડા અનુસાર ૨૦૧૬-૧૭માં ઘઉંનું ઉત્પાદન ૯૬.૫૦ મિલિયન મેટ્રીક ટન થવાનો અંદાજ છે જે ગયા વર્ષે ૯૩.૫૦ મિલિયન મેટ્રીક ટન હતું. આ વર્ષે વાવેતર વિસ્તાર ગયા વર્ષના ૨૮૯.૦૭ લાખ હેક્ટરથી વધીને ૩૦૯.૬ થયો છે. ગુજરાતમાં ધઉંનું વાવેતર ૯.૭૬ લાખ હેક્ટર વિસ્તારમાં થયું છે. દેશમાં ઉત્તરપ્રદેશ ૯૮.૨૨ લાખ હેક્ટર સાથે પ્રથમક્રમે છે. મધ્યપ્રદેશમાં ૬૧.૬૯ લાખ હેક્ટર, પંજાબમાં ૩૫.૦૦ લાખ હેક્ટર, રાજસ્થાનમાં ૩૦.૬૯ લાખ હેક્ટર, હરિયાણામાં ૨૫.૧૯ લાખ હેક્ટર તેમજ બિહારમાં ૨૨.૫૪ લાખ હેક્ટર વિસ્તારમાં ધઉંનું વાવેતર થયું છે.

**● માન્યામા ન આવે- બજેટનું કદ ૧૧૫ કરોડ...**

બજેટની મોસમ આવી છે ત્યારે ગુજરાત સરકારે સ્થાપના સમયે ૧૯૬૦માં પહેલું બજેટ રજૂ કર્યું ત્યારે તેની કેટલીક બાબતો રસપ્રદ છે. રાજ્યનું પહેલું બજેટ ડો. જીવરાજ મહેતાએ રજૂ કર્યું હતું, તેઓ મુખ્યપ્રધાન અને નાણા પ્રધાન એમ બન્ને હોદ્દા સંભાળતા હતા. ૨૨મી ઓગષ્ટ ૧૯૬૦ના રોજ અમદાવાદ સ્થિત વિધાનસભામાં તેમણે બજેટ રજૂ કર્યું હતું. સ્વતંત્ર ગુજરાતના પહેલા બજેટનું કદ ૧૧૫ કરોડ રૂપિયા હતું જેમાં મહેસૂલી આવક ૫૪.૨૫ કરોડ રૂપિયા હતી અને ખર્ચ ૫૮.૧૨ કરોડ હતો. બજેટમાં ખાધની રકમ ૩.૮૭ કરોડ રૂપિયા દર્શાવવામાં આવી હતી. આજે બજેટનું કદ દોઢ લાખ કરોડ કરતાં વધી ગયું છે. સરકાર એવા દાવા કરે છે કે બજેટમાં બિન યોજનાકીય ખર્ચમાં ઘટાડો કર્યો છે પરંતુ તે ખર્ચ વધી રહ્યું છે. સરકાર પર સૌધી વધારે ભારણ કર્મચારીઓના પગાર, ભથ્થાં અને પેન્શનનું જોવા મળે છે. આશ્ચર્યની બાબત એવી છે કે જીવરાજ મહેતાના પહેલા બજેટમાં પાઈ પાઈનો હિસાબ સામેલ હતો, આજે એ સ્થિતિ ગાયબ છે.

**● એર પોલ્યુશનમાં આપણે અગ્રક્રમે છીએ...**

હિન્દુસ્તાનમાં પોલિટીક્સ એ હવા બગાડી છે તેમ કુદરતી હવામાનને પણ બગાડવામાં પોલિટીશ્યનનો વધારે ફાળો છે. રૂપિયા કમાવવા માગતી સરકારો ડેવલપમેન્ટના નામે પોલ્યુટેડ ઈડસ્ટ્રીઝને લાંચ લઈને મંજૂરીઓ આપતાં દેશનું આરોગ્ય કથળ્યું છે. ખાસ કરીને હિન્દુસ્તાનના શહેરોમાં હવાની ગુણવત્તામાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે જ્યારે ચીનમાં ૧૭ ટકા, યુએસમાં ૧૫ ટકા અને યુરોપિયન યુનિયનના શહેરોમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. હવાની ગુણવત્તાની બાબતમાં શહેરોની સ્થિતિ કથળતી જાય છે. ૨૦૧૦થી ૨૦૧૫ સુધીના સમયગાળાના કરવામાં આવેલા એક અભ્યાસમાં આ ચોંકાવનારી બાબત સામે આવી છે. એર પોલ્યુશને રૂટીન લાઈફને ડિસ્ટર્બ કરી છે. એર પોલ્યુશનની સીધી અસર લોકોની દિનચર્યા પર અસર કરે છે. લોકોની કામ કરવાની એફિસિયન્સીમાં બહુ મોટો ફરક પડી રહ્યો છે.

**● વાયબ્રન્ટ પૂરૂં હવે વાયબ્રન્ટ બજેટ...**

ગુજરાતમાં આઠમી વાયબ્રન્ટ સમિટ પૂર્ણ થઈ છે અને હવે ગુજરાત સરકાર તેનું વાયબ્રન્ટ બજેટ રજૂ કરવા જઈ રહી છે. ફેબ્રુઆરીના મધ્યમાં બજેટ સત્ર આવે તેવી સંભાવના છે. ગુજરાત સરકારનું વર્ષ ૨૦૧૭-૧૮નું સામાન્ય અંદાજપત્ર ૧,૭૫,૦૦૦ કરોડ રૂપિયાનું હોઈ શકે છે. આ વખતે નવી યોજનાઓ તેમજ રાહતોની ભરમાર વચ્ચે વાયબ્રન્ટ બજેટ લોકોની અપેક્ષા પ્રમાણેનું હોઈ શકે છે, કારણ કે ૨૦૧૭નું વર્ષ એ ચૂંટણીનું વર્ષ છે. રાજ્ય સરકારે ૨૦૧૬-૧૭ના બજેટનું કદ ૧૫૧૮૦૦ કરોડ રૂપિયા રાખ્યું હતું જેમાં વધારો થઈ રહ્યો છે. ચૂંટણી હોવાથી નવા વર્ષના બજેટમાં કરવેરાનું ભારણ નહીંવત હોવા સાથે પ્રજાલક્ષી રાહતો વધારે હોવાની સંભાવના છે. ખાસ કરીને નવા બનાવેલા જિલ્લા અને તાલુકાઓના ડેવલપમેન્ટને પ્રાધાન્ય અપાશે. એ સાથે ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંકના મકાનો બનાવતા પરિવારો માટે અલગથી રાહતો મળી શકે છે.

**● જેણે કામ નથી કર્યુ તેને બદલવા પડશે...**

ગુજરાત વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં જે ઓફિસરોએ મન મૂકીને કામ નથી કર્યું તેમને બદલવાની કવાયત શરૂ થઈ છે. કહેવાય છે કે ઉદ્યોગ કમિશનર મમતા વર્માને આ વાયબ્રન્ટ સમિટમાં વધારે શુભેચ્છાઓ મળી છે, કારણ કે આ મહિલા ઓફિસરે વાયબ્રન્ટ સમિટનાં વધારે કામ કર્યું છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે.તનેજા અને જીઆઈડીસીના વીસી એન્ડ એમડી ડી. થારાની વ્યવસ્થા કુશળતા અગાઉના વાયબ્રન્ટ ઓફિસરો ડી. રાજગોપાલન, બી.બી.સ્વૈન, ડી.જે.પાંડિયન તેમજ મહેશ્વર શાહુની તોલે આવે તેવી નથી. ડીજીટલ પાસ ઈસ્યુ કરવામાં ઈન્ડેક્ષ્ટ-બીના અધિકારીઓએ મનમાની કરી હોવાથી મહાત્મા મંદિરમાં અવ્યવસ્થા સર્જાઈ હતી. ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલા એક ડઝન ઓફિસરો ચીફ મિનિસ્ટરના રડારમાં આવી ગયા હોવાનું સચિવાલયના સૂત્રો કરી રહ્યાં છે.

**● ગબ્બર ઇઝ બેકઃ હાર્દિક આવી રહ્યો છે...**

પાટીદાર અનામત આંદોલન સમિતિનો અધ્યક્ષ હાર્દિક પટેલ ગુજરાતમાં પાછો ફરી રહ્યો છે. છ મહિનાના રાજ્યવટા બાદ ૧૭મી જાન્યુઆરીએ હાર્દિક ગુજરાત આવે છે ત્યારે તેને સત્કારવા રતનપુર બોર્ડર પર હજારો પાટીદાર યુવાનોને એકત્ર કરવાનું આયોજન છે. રાજસ્થાનમાં આટલો સમય પસાર કર્યા બાદ હાર્દિક ફરી પાછો યથાવત સ્થાને આવ્યો છે ત્યારે ગુજરાત સરકારને ચિંતા શરૂ થઈ છે. ગુજરાતમાં ગબ્બર ઈઝ બેક ના પોસ્ટર્સ પણ લાગી ચૂક્યાં છે. હાર્દિકનો હવે પછીનો પ્લાન શું હશે તે નિશ્ચિત નથી પરંતુ પાટીદારોને અનામતની માગણીના મુદ્દે હજી પણ તેના તેવર એવા ને એવાં જ છે. ચર્ચા છે કે ભાજપની એક ટીમ હાર્દિકને મનાવવાની સ્ટેટેજી કરી રહી છે કે જેથી આગામી ચૂંટણીમાં હાર્દિક પાર્ટી માટે આડખિલીરૂપ બને નહીં.

**● નેનો પછી ટાટાને ટાટા નહીં કહેવાય...**

ટાટાની નેનો કારનો પ્રોજેક્ટ ફ્લોપ ગયો છે પરંતુ આપણે ટાટા મોટર્સને છોડી શકીએ તેમ નથી, કારણ કે ૧૦૦ કિલોમીટરનું માઈલેજ આપતી કાર ટાટા ગ્રુપ લાવી રહ્યું છે. પેટ્રોલ અને ડિઝલના ભાવ આસમાને છે ત્યારે ટાટા ગ્રુપની આ પહેલ અન્ય કાર ઉત્પાદકોને પણ મજબૂર કરી શકે છે. તાજેતરમાં જિનેવા મોટર શો માં પહેલીવાર આ કાર રજૂ કરવામાં આવી છે અને તેને ૨૦૧૭ના વર્ષમાં બજારમાં ઉતારવામાં આવશે. ટાટા મેગાપિક્સલ નામની કાર મેદાનમાં ઉતારે છે. આ કાર આપણને પાંચ થી છ લાખ રૂપિયામાં મળી શકે છે. આ કાર સંપૂર્ણરીતે બેટરી ઓપરેટેડ છે. આ કારને ચલાવવા માટે બેટરીને ચાર્જ કરવાની જરૂર નથી, કારણ કે તેની સ્પીડમાં જ બેટરી ચાર્જ થઈ જાય છે.

**● માત્ર એક કલાકમાં દિલ્હી જઇ શકાશે...**

એક કલાકમાં દિલ્હી તો પ્લેન પણ લઈ જતું નથી ત્યારે એક નવી ટેકનોલોજીથી ટ્રાન્સપોર્ટેશનમાં ક્રાન્તિ આવી શકે છે. હાયપરપૂલ ટ્રાન્સપોર્ટ ટેકનોલોજીની આ કમાલ છે. આ ટેકનોલોજીના કો-ફાઉન્ડર બિપોપ ગેસ્ટાએ કહ્યું છે કે જમીન મળ્યા પછી અમે માત્ર ૩૮ મહિનામાં હાયપરલૂપ ટ્રેન તૈયાર કરી શકીએ છીએ. બુલેટ ટ્રેન માટે સામાન્ય રીતે એક કિલોમીટરનું રેલ નેટવર્ક બનાવવા ૬૭૪ કરોડ રૂપિયા જોઈએ છે જ્યારે હાઈપરલૂપ નેટવર્કમાં ૨૬૯ કરોડ રૂપિયા થાય છે. કેન્દ્રીય પરિવહન મંત્રાલય સમક્ષ આ ટેકનોલોજી રજૂ કરવામાં આવી છે. એક હાઈપરલૂપ પોલમાં ૬ થી ૮ લોકો સફર કરી શકે છે. આ પૂલ ૧૨૨૩ કિલોમીટરની સ્પીડથી ફરી શકે છે. હાલ આ પ્લાનની ટ્રેન મુંબઈ અને થાણે વચ્ચે ચલાવવાની યોજના છે. મુંબઈ થી પૂના માત્ર ૨૫ મિનિટમાં જઈ શકાશે.

**● ૨૦૧૭માં સિનિયર નેતાઓ ઘરે બેસશે...**

૨૦૧૭નું વર્ષ ગુજરાત માટે ચૂંટણીનું વર્ષ છે. ભાજપના સિનિયર મોસ્ટ નેતાઓને ઘરે પણ બેસાડી શકે છે. આ ચૂંટણીમાં આનંદીબહેન પટેલની જગ્યાએ અનાર પટેલને ટીકીટ મળવાના ચાન્સ છે. ભૂતપૂર્વ ઉદ્યોગપ્રધાન સૌરભ પટેલનું બોર્ડ પૂરૂં થયું છે. ભાજપના હાલના ૪૦ ટકાથી વધારે સભ્યોને નો-રિપીટ થિયરીમાં સમાવી લેવામાં આવ્યા છે. કોંગ્રેસમાં પાળી ઉપર બેઠેલા ૧૫થી વધુ સભ્યોને ભાજપ આવકારવા તૈયાર છે. રાજકીય ધ્રુવિકરણ ઉભું કરવામાં અમિત શાહનો જાદુ ચાલશે તેવું લાગે છે, કારણ કે ભાજપના ઉમેદવારોની ફાઈલન યાદી તો નવી દિલ્હીમાં તૈયાર થવાની છે. ગુજરાતના નેતાઓએ તો માત્ર સજેશન કરવાના છે.

**● કોંગ્રેસમાં કરિશ્મા થવાની સંભાવના...**

ભગવાન રામચંદ્રએ ૧૨ વર્ષનો વનવાસ વેઠ્યો હતો પરંતુ ગુજરાત કોંગ્રેસ એ થી ડબલ વર્ષનો વનવાસ પૂર્ણ કરવામાં છે. હવે ૨૦૧૭ની ચૂંટણીમાં સત્તા આવે તે માટે કોંગ્રેસ મોદીના મેજીક સામે કરિશ્મા કરી શકે છે. આ કરિશ્મા મુખ્યપ્રધાનના ઉમેદવારનો હોઈ શકે છે. કોંગ્રેસ યુવા અને મહિલા ઉમેદવાર મૂકી શકે છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનું એલાયન્સ સક્સેસ થાય તો ગુજરાતમાં તેની અસર જોવા મળશે. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ તો લોકપ્રિય ચીફ મિનિસ્ટર છે જ પરંતુ તેમના પત્નિ ડિમ્પલ યાદવ અને કોંગ્રેસના સુપરસ્ટાર કહેવાતા પ્રિયંકા ગાંધી ચૂંટણી પ્રચારમાં સાથે કામ કરશે. આ પ્રિયંકા જો સફળ રહી તો તેમને ગુજરાતના ચૂંટણી પ્રચારમાં ઉતારવાની હવા પ્રદેશ કોંગ્રેસમાં ચાલી છે. મહિલાઓના મતો અંકે કરવા કોંગ્રેસ ચૂંટણી પ્રચારમાં આ કરિશ્મા કરી શકે છે.

### ગુજરાતમાં વાયબ્રન્સી : સમિટ પછી બજેટ- ચૂંટણીલક્ષી બજેટની તૈયારી | વાયબ્રન્ટ સમિટની સમીક્ષા, જેણે કામ કર્યા નથી તેમને બદલવા પડશે | UPમાં સફળતા મળે તો પ્રિયંકા ગાંધીને ગુજરાતમાં ઉતારવાની યોજના